ગાંધીનગર સમાચાર

# બનાસકાંઠાની તમામ આરટીઓ ચેકપોસ્ટ રામભરોસે : સીસીટીવી કેમેરા બંધ

પાલનપુર, તા. ૨૧

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતભરની તમામ ચેકપોસ્ટો પર એસીબીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. એસીબી દ્વારા ડેટા ઓપરેટરોને સકંજામાં લેવાતા તમામ ડેટા ઓપરેટરો ફરાર છે. બનાસકાંઠાની અમીરગઢ ચેકપોસ્ટનો પણ આવો જ હાલ છે. કોઈ પણ ડેટા ઓપરેટર ન હોવાથી તેમજ સીસીટીવી બંધ હાલતમાં હોવાથી ચેકપોસ્ટ રામ ભરોસે ચાલી રહી છે.

છેલ્લા કેટલાય સમયથી એસીબીએ ગુજરાતભરની ચેકપોસ્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેમાં કુલ ૮ જેટલા લોકોની એસીબીએ ધરપકડ કરી છે. જો કે એસીબી દ્વારા ડેટા ઓપરેટરો પર સકંજો કરાતા ચેકપોસ્ટ પરના મોટા ભાગના ડેટા ઓપરેટરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. બીજી તરફ ડેટા ઓપરેટરો ન હોવાથી બનાસકાંઠાની અમીરગઢ સહિત તમામ ચેકપોસ્ટ રામભરોસે ચાલી રહી છે.

બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા જે તે સમયે ચેકપોસ્ટ પર ચોરી અટકાવવા સીસીટીવી ગોઠવવામાં આવ્યા હતા. પરંતુ ઘટના સ્થળે જઈ તપાસ કરતાં તમામ સીસીટીવી બંધ હાલતમાં છે. ચેકપોસ્ટ પરના સીસીટીવી છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવતા નથી. જેને લઈને તંત્રની કામગીરી પણ શંકાના ઘેરામાં છે. એક તરફ એસીબી દ્વારા સર્ચ ઓપરેશન કરી કરોડોના કૌભાંડ બહાર લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તો બીજી તરફ હજુ પણ અમીરગઢ સહિત બનાસકાંઠાની તમામ ચેકપોસ્ટ પર હજુ સુધી ધુપ્પલબાજી ચાલુ રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાભર નગરપાલિકાની ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લામાં ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળતો હતો. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ભાભરમાં ૪૧.૬૬ ટકા મતદાન થયું હતું. બપોરે ૨.૦૦ વાગ્યા સુધીમાં ૫૮.૩૫ ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિલીપ રાણા દ્વારા નિષ્પક્ષ, ન્યાયી અને નિર્ભય માહોલમાં ચૂંટણી યોજવા તથા જંગી મતદાન થાય તે માટે પુરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા જેને સારી સફળતા મળી છે.

### માથાસુલિયા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

મોડાસાના માથાસુલિયા પ્રા.શા.માં બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ આ બાળમેળામાં માટીકામ, ચિત્રસ્પર્ધા, બટન ટાંકવા તથા બીજી ઘણી બધી જીવન કૌશલ્યના વિકાસની પ્રવૃત્તિઓ કરી હતી. શાળાના મુ. શિ. બાબુભાઈ ગામેતીના માર્ગદર્શન હેઠળ શાળાના સ્ટાફ મિત્રોએ બાળકોની સાથે રહી વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. શ્રી રણજીતકુમાર વણકર તથા શિવશંકર જોષીએ આ બાળમેળાની પ્રવૃત્તિઓ અંતર્ગત જીવનકૌશલ્યના વિકાસની પણ માહિતી આપી હતી.

### સપ્રેડા ગામે જીવલેણ હૂમલો કરનાર પિતા-પુત્રને સાત વર્ષની કેદ

વાવ, તા. ૨૧

વાવ તાલુકાના સપ્રેડા ગામે પાંચ વર્ષ અગાઉ ખેતરના રસ્તા બાબતે એકજ પરિવારના ત્રણ સભ્યો ઉપર જીવલેણ હૂમલો કરનાર પિતા-પુત્રને દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટે સાત વર્ષની કેદ અને ૧૩ હજારનો દંડ સંભળાવ્યો હતો. મળતી માહિતી મુજબ વાવ તાલુકાના સપ્રેડા ગામે પાંચ વર્ષ અગાઉ ગામમાં રહેતા પબાભાઈ માવજીભાઈ પટેલ પોતાના પરિવાર સાથે ઘરે હતા તે સમયે ગામમાં રહેતા રાજા વાઘા પ્રજાપતિ તથા વાઘા પના પ્રજાપતિ બન્ને જણ આવી બોલાચાલી કરી હતી. તેમજ પબાભાઈ પટેલ ઉપર કુહાડી માથાના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ અન્ય બે મહિલા ઉપર પણ હૂમલો કર્યો હતો.



## ડીસા શહેર ભાજપ દ્વારા દેશ વિરોધી ઘટના સામે આવેદનપત્ર અપાયું

દેશની સંસદ પર હૂમલો કરનાર કુખ્યાત આતંકવાદી અફઝલ ગુરૂની વરસી નિમિત્તે દિલ્હીની જવાહર નહેરૂ વિશ્વ વિદ્યાલયમાં દેશ વિરોધી અને આંતકવાદી અફઝલના સમર્થનમાં થયેલી નારાબાજીનો વિવાદ વકર્યો છે. ત્યારે ડીસા શહેરમાં પણ શહેર ભાજપ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતની એકતા અખંડીતતાને હાની પહોંચાડનાર દેશદ્રોહીઓ વિરૂદ્ધ સત્વરે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. શહેર ભાજપના કાર્યકરોએ નારાબાજી કરી દેશ વિરોધી કૃત્યને સખ્, શબ્દોમાં વખોડી કાઢી નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

# મટોડા ગામ પાસેથી રાજસ્થાન પોલીસના જાપ્તામાંથી આરોપી ફરાર

ખેડબ્રહ્મા, તા. ૨૯

રાજસ્થાનના નાસેરા પોલીસના જાપ્તામાંથી ખેડબ્રહ્માના મટોડા ગામ પાસેથી ગુજરાતના હાલોલ તાલુકાનો અપહરણનો આરોપી ચાલુ ગાડીએ કુદી પડી નાસી છુટવા સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી અનુસાર રાજસ્થાનના જાલોર જિલ્લાના નોસેરા પોલીસ ઈપીકો કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબ અપહરણનો આરોપી સુરેશભાઈ પ્રેમભાઈ બારીયા રે. તાડીયા, તા. હાલોલ, જી. પંચમહાલને બોડેલી પોલીસ સ્ટેશનમાંથી કબજો લઈ શનિવારે પુછપરછ માટે લઈ જઈ રહ્યા હતા. નોસેરા પોલીસ શનિવારે રાત્રે સવા વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાન પોલીસને ચકમો આપી ધરપકડ ટાળવા ચાલુ ગાડીએ કુદી પડી અંધારામાં અલોપ થઈ ગયો હતો.

આ અંગે રાજસ્થાનના ઝાલોર જિલ્લાના મીસીગ સેલ ઈન્ચાર્જ શેતાનસિંહ બુદ્ધસિંહ રાજપુત પો.સ.ઈ. એ ખેડબ્રહ્મા પોલીસને કાગળો મોકલી આપતા ખેડબ્રહ્મા પોલીસે ઈપીકો કલમ ૨૨૪ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# હડિયોલ ગૌચરનું રેતી કૌભાંડ : ખાણ-ખનીજ વિભાગે જેસીબી અને ડમ્પર ડીટેઈન કર્યા

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના હડિયોલ ગ્રામ પંચાયતની ગૌચર જમીનમાંથી દોઢેક માસ અગાઉ કેટલાક શખ્સોએ ગેરકાયદેસર રીતે હજારો ટન માટી ખોદકામ કરાયેલી માટીની પણ ચોરી કરી અઈન્ય સ્થળે લઈ જવાનો પ્રયાસ કરાતા શુક્રવારે ખાણ-ખનિજ વિભાગની ટીમે સ્થળ પરથી મોડી સાંજના એક જેસીબી મશીન સાથે બે ડમ્પરને ડીટેઈન કરી એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મુકાવ્યા છે.

ખાણ-ખનિજ વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર હડિયોલના ગૌચરમાંથી ગેરકાયદેસર રીતે હજારો ટન માટીના ખોદકામ સંદર્ભે વિભાગ દ્વારા કાર્યવાહી બાદ હડિયોલના સરપંચે માટીનું ખોદકામ કરનારા હિટાચી મશીનના માલિક જગદીશભાઈ વણઝારા વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન જિલ્લાના ભુસ્તરશાસ્ત્રી કે.એમ. પટેલની સુચનાથી વિભાગની ટીમે જી.પી.એસ. મશીનથી માપણી કરાવી ૧૦૯૪૫ મે.ટન અનઅધિકૃત માટીના ખોદકામ કરવા બદલ રૂ. ૭.૨૨ લાખથી વધુની વસુલાત કરવા તજવીજ હાથ ધરાઈ હતી. ઉલ્લેખનીય છે કે અનાધિકૃત રીતે માટીના ખોદકામ બાદ આ જથ્થો શહેરના મોતીપુરા વિસ્તારના ખાનગી પ્લોટોમાં ખડકી દેવાયો હતો. પરંતુ ખાનગી પ્લોટો પર ખડાયેલા માટીના જથ્થાને પણ કેટલાક લોકો દ્વારા ચોરી છુપીથી અન્યત્ર લઈ જવાની ગેરકાનુની પ્રવૃત્તિ કેટલાક લોકો દ્વારા આચરતા તે સંદર્ભે હડિયોલ ગ્રામ પંચાયતના સરપંચ કેતનભાઈ પટેલે શુક્રવારે ખાણ-ખનિજ વિભાગનું ધ્યાન દોર્યું હતું.

જેથી હડિયોલ ગામના સરપંચની ઉપસ્થિતિમાં જ ખાણ-ખનિજ વિભાગની ટીમના માઈન્સ સુપરવાઈઝર જે.પી. ઓઝા અને સર્વેયર વી.એમ. ચૌધરીએ શુક્રવારે મોડી સાંજના મોતીપુરાના ખાનગી પ્લોટ પર ફરતા એક જેસીબી મશીન ઉપરાંત બે ડમ્પરોને ડીટેઈન કરી ત્રણેય વાહનો સીઝ કરી હિંમતનગરના એ-ડીવીઝનને હવાલે મુકાવી દીધા હતા. તંત્ર દ્વારા ઝડપાયેલા ત્રણેય વાહનોના માલિકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરાઈ છે.



## શિહોરીમાં ભાજપ દ્વારા ધરણા યોજી મામલતદારને આવેદનપત્ર અપાયુ

દેશના અનેક શહેરોમાં રાષ્ટ્ર વિરોધી તત્વો દ્વારા આતંકવાદીઓને શહિદ ગણાવી રાષ્ટ્ર વિરોધી સૂત્રોચ્ચાર કરી દેશને ગુમરાહ કરનાર તત્વો સામે કાર્યવાહી કરવા કાંકરેજ ભાજપ કાર્યકરો દ્વારા શિહોરી મુકામે ધરણા યોજી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડાહ્યાભાઈ પિલિયાતર, ભારતસિંહ ભટેસરીયા, ઈષુભા વાઘેલા, રમેશભાઈ પટેલ, અશ્વિન શાહ, તેજાજી ઠાકોર, ફકુભાઈ, હુસપુરી ગોસ્વામી વગેરે કાર્યકરો, હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## લગ્નની લાલચ આપી ઘરમાંથી ૮૪ હજારની ચોરી : ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૧

વિજયનગર તાલુકાના નવાઘરા ગામે રહેતા એક પરિવારની દિકરી સાથે લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી તેણીના ઘરમાંથી ચાર શખ્સો સોના-ચાંદીના દાગીના, મોબાઈલ તથા રોકડ મળી રૂ. ૮૩ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા તે અંગેની ફરિયાદ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. નવાઘરા ગામે રહેતા બાલુભાઈ વેલાજી પટેલની દિકરીને લગ્ન કરવાની લાલચ આપી વિજયનગર ઈડર સામતેલા અને નવાઘરાના મળી ચાર શખ્સોએ ગત તા. ૯ ફેબ્રુઆરીના રોજ આવીને તેણીના ઘરમાંથી પ્રિયકાંત લાલજીભાઈ ડાભી તથા પુનમબેન પટેલે બાલુભાઈના ઘરમાંથી રૂ. ૫૬ હજારની સોનાની ચેન, ૧૪ હજારની કાનની બુટ્ટી, રૂ. ૩૫૦૦ના પગના છડા, ૪૫૦૦ રોકડા તથા ૫ હજારનો મોબાઈલ મળી ૮૩ હજારની મત્તા ચોરી કરીને ભાગી ગયા હતા.

## કાંણિયોલની મહિલા સાથે દિલ્હીના બે ગઠીયાઓએ ૭૮ હજારની છેતરપીંડી

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના કાણિયોલ ગામની મહિલા સાથે બજાજ કેપીટલ વીમા પોલીસીના પ્રિમીયમના હપ્તા ભરાવવાના બહાને દિલ્હીના બે ગઠિયાઓ નવેમ્બર-૨૦૧૪થી લઈ તા. ૮ જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન રૂ. ૭૮ હજાર રકમ ભરાવી છેતરપીંડી કર્યાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. સુરેન્દ્રનગર પોલીસે આવા જ એક ગુનામાં દિલ્હીના બંને ગઠિયાઓને ઝડપી લીધા બાદ કાણિયોલની મહિલા સાથે પણ આજ ગઠિયાઓએ છેતરપીંડી આચર્યાની કડીઓ ખુલતા હિંમતનગર ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી.

હિંમતનગર તાલુકાના કાણિયોલ ગામે રહેતા લીલાબેન ઉર્ફે લીલવતીબેન જગદીશભાઈ પ્રજાપતિએ હિંમતનગર મોતીપુરા સ્થિત બજાજ કેપીટલમાંથી વર્ષ ૨૦૧૧માં વીમા પોલીસી લીધી હતી અને તેનું પ્રથમ પ્રિમીયમ રૂ. ૬૨૦૦ ભર્યુ હતુ. ત્યારબાદ પુત્ર બિમાર પડતા અને પૈસાની સગવડ ન હોઈ પ્રિમીયમ ભર્યુ ન હતુ. દરમિયાન નવેમ્બર-૨૦૧૪ દરમિયાન દિલ્હીથી સાગર શર્મા નામના વ્યક્તિનો લીલાબેન પર ફોન આવતા તમોએ પ્રિમીયમનો એક હપ્તો ભર્યો છે. બે હપ્તાના કુલ રૂ. ૧૨ હજાર ભરો તો તમારી પોલીસી ચાલુ રહેશે. જેથી લીલાબેને પૈસાની સગવડ થતાં રૂ. ૧૨ હજાની ચેક તેમના સ્ટેટ બેંક હિંમતનગરના ખાતા નં. ૧૦૮૮૪૩૧૨૧૬૮થી પોસ્ટ દ્વારા સી/ઓ જે.આર.એસ. એડ.સી. ૫૪, સ.૨, થર્ડ ફ્લોર, નોઈડા-૨૦૧૩૦૧ ખાતે મોકલી આપ્યો હતો.

# શામળાજી ખાતે વિશ્વકર્મા જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી

ઈસરી, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે વિશ્વના





સર્જનહાર કારીગર દેવતા ભગવાન વિશ્વકર્માદાદાની જયંતિની ઉજવણી અને પાટોત્સવ માટે પંચાલ પ્રજાપતિ ભાઈઓ-બહેનોની મોટી સંખ્યામા ઉપસ્થિત રહીને પ્રાર્થના ભજનથી હોલ ગાજી ઉઠ્યો હતો.

આ મંદિરે વર્ષમાં ત્રણ-ચાર કાર્યક્રમો નીચે થતા હતા પરંતુ નવિન હોલ બનતા પ્રથમ વાર ઉજવણી માટે મુહૂર્ત કરવામાં આવેલ. દાદાની પ્રાર્થના આરતી દીપ પ્રાગટ્ય સમારંભના પ્રમુખ નાંદીસણ નિવાસી અને સંસ્થાના કાર્યકર કેતનભાઈ પંચાલના અધ્યક્ષસ્થાને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં વિશ્વકર્માદાદા-ચામુંડા માતા અને હનુમાનદાદાની ઉછામણીની બોલીમાં સારો સહકાર મળ્યો હતો. સૌના હૃદયમાં એ જણાયુ કે આપણુ દાન ઉગી નીકલ્યુ છે. અહીં વિકાસ થયો છે તે દેખાય છે. સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ અને મંત્રી રમેશભાઈ પંચાલ તથા કારોબારીના સભ્યો દ્વારા કંઈક કરી બતાવવા યાત્રાધામ શામળાજીમાં હાલ અદ્યતન ધર્મશાળા તમામ સગવડ માટે ઉપલબ્ધ છે. પ્રવાસીઓ મોટો લાભ લે છે. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન બાદ અધ્યક્ષ કેતનભાઈએ સહકારની ખાત્રી આપી હતી. સંચાલન રમેશભાઈ પંચાલે કર્યુ. આભારવિધિ કચરાભાઈ પંચાલે કરી હતી.

# હિંમતનગરમાં ભાજપ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

દિલ્હીમાં કાશ્મીરની આઝાદીને લઈને જવાહરલાલ નહેરૂ વિશ્વવિદ્યાલય (જેએનયુ)માં થયેલા દેશ વિરોધી સુત્રોચ્ચારનો મામલો ગરમાયો છે. ત્યારે કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વો દેશને ગુમરાહ કરી રહ્યા છે. તેના વિરોધમાં શનિવારે હિંમતનગરના ટાવર ચોક ખાતે જિલ્લા ભાજપ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલ, જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ, પાલિકા પ્રમુખ નિલાબેન પટેલ, જયેન્દ્રસિંહ રાઠોડ, હિરેન ગોર, અનિરુદ્ધ સોરઠીયા, બિપીન ઓઝા, દેવાંગ શુકલ, કલ્પીત દવે અને રાકેશ પટેલ સહિત કાર્યકરોની ઉપસ્થિતિમાં કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વો દેશને ગુમરાહ કરી રહ્યા છે ત્યારે તેમને જાકારો આપવો જોઈએ. જેએનયુના માધ્યમથી થઈ રહેલી આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ. આ તત્વો પાકિસ્તાન તરફી સુત્રોચ્ચાર કરી તેમની માનસિકતા છતી કરી છે જે યોગ્ય નથી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાબરકાંઠા એકમ દ્વારા જનસ્વાભિમાન કાર્યક્રમ અંતર્ગત ધરણા બાદ સરદારની પ્રતિમા સમક્ષ દેશની એકતા અને અખંડીતતા માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# મોડાસામાં જેસીઝ મીલ્ક કમિટિ દ્વારા નકલી ઘી કૌભાંડના ઘી માફિયા સામે કાર્યવાહી કરવા કલેકટરને આવેદનપત્ર અપાયુ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નકલી ઘીનો વેપલો કરતા બે વેપારીઓ ઝડપી પાડી



આર.આર.સેલ ગાંધીનગરે નકલી ઘીના કૌભાંડના પર્દાફાશ કરતા તંત્ર હરકતમાં આવી ગયું છે. જિલ્લાના પ્રજાજનોને અમુલ બ્રાન્ડના નામે અસલીના નામે નકલી ઘી પધરાવી આરોગ્ય સાથે ચેંડા કરતા આવા ઘી માફીયાઓ સામે સખ્ત કાર્યવાહિ કરવા તેમજ ગુન્હાના મુળ સુધી ઝડપથી પહોંચી આવા કૌભાંડીઓને ઝડપી પાડવા મોડાસા જેસીજ મીલ્ક કમીટી દ્વારા અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં અમુલ બ્રાન્ડના અસ્સલ જેવા નકલી પેકીંગમાં બનાવટી ઘી વેચવાનું સુઆયોજીત કૌભાંડ છેલ્લા કેટલાય સમયથી ચાલી રહ્યું છે. જિલ્લાના પ્રજાજનો અંદાજે વર્ષમાં ૫ કરોડથી વધુ નકલી ઘી અસલીના નામે ઉપયોગમાં લેતા હોવાનું જાણવા મળતાં તંત્ર દ્વારા ઝડપથી તપાસ આદરી દીધી છે. મોડાસામાંથી ઝડપાયેલો બાલાજી પાર્લરનો કલ્પેશ પટેલ તેમજ રાજસ્થાનના પ્રવીણ પટેલ (રહે. મટેરા તા. ખેરવાડા) સહિત ડીસાનો અન્ય શખ્સ રસીક પટેલ સામે ગુન્હો નોંધી કલ્પેશ પટેલ અને પ્રવીણ પટેલની ધરપકડ કરી કૌભાંડનો રેલો ક્યાં સુધી પહોંચેલો છે તે જાણવા તજવીજ હાથ ધરી હતી. જેમાં મોડાસા અન્ય એક વેપારીનું નામ ખુલ્યુ હતુ. તેમજ ઝડપાયેલા બન્ને આરોપીઓને જામીન મળી જતા કૌભાંડના મૂળ સુધી પહોંચવું પોલીસતંત્ર માટે અઘરૂ બની રહેશે. ત્યારે મોડાસા શહેરમાં દૂધ વિતરણ કરતી અને સેવાકીય કાર્યો માટે જાણીતી જેસીઝ મીલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ, મંત્રી મુકુન્દભાઈ શાહ, નિલેષભાઈ જોષી, વિનોદ પટેલ દ્વારા અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે આજેય બજારોમાં નકલી ઘી છુટથી વેચાઈ રહ્યું છે. લોકોને અમુલ ઘી નકલી ઘી પધરાવી દેવાય છે. ત્યારે પ્રજાજનો માટે અસલી ઘી છે કે નકલી ઘી તેની ઓળખ કરવી કઠિન બની ગઈ છે. અને પ્રજાજનો સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હોવાથી આ નકલી ઘીના કાળા કારોબારમાં સંડોવાયેલા, સપ્લાય કરતા અને મેનુફેક્ચર કરતા ઘી માફિયાઓને ઝડપી પાડી સખ્ત કાર્યવાહિ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# મોડાસાની સરસ્વતી બાલ મંદિરમાં માતૃભાષા વંદના કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૧

૨૧ ફેબ્રુઆરીને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન તરીકે ઉજવાય છે. આજના યુવા વર્ગ અને વિદ્યાર્થીઓમાં વેલેન્ટાઈન ડે, રોઝ ડે, ચોકલેટ ડે, ફ્રેન્ડશીપ ડેની ઉજવણીમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. પરંતુ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિનની ઉજવણીથી યુવાવર્ગ અને વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજણના અભાવે માતૃભાષા દિનની ઉજવણીમાં નિરાશા જોવા મળી રહી છે. ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા બોલવાનું છોડી અંગ્રેજી તરફ લપસી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની સરસ્વતિ બાલ મંદિરમાં રવિવારે મોડાસા શબ્દસેતુ પ્રેરિત માતૃભાષા કેન્દ્ર દ્વારા માતૃભાષા વંદના કાર્યક્રમમાં ૭ શાળાના ૪૦૦ વિદ્યાર્થીઓ સાથે માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસાની સરસ્વતિ બાલમંદિર



મંડળ સંચાલિત રત્નદિન શાખામાં મોડાસા માતૃભાષા અભિયાન કેન્દ્ર અને સરસ્વતિ વિદ્યાલય અને શબ્દસેતુ દ્વારા માતૃભાષા વંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ કવિહૃદયી અને પૂર્વ પ્રધ્યાપકના અધ્યક્ષ સ્થાન હેઠળ મોડાસા શહેરની જુદી જુદી સ્કૂલના ૪૦૦ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષીએ સૌનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને માતૃભાષા વિશે શબ્દસેતુના પ્રમુખ જીગ્નેશ સુથાર, મંત્રી સલીમ શેખ અને મખદૂમ હાઈસ્કૂલના આચાર્ય મનસુરીએ ઉંડાણપૂર્વક વ્યક્તવ્ય દ્વારા સમજ આપી માતૃભાષા પ્રત્યે કટિબદ્ધ બનવા સમજણ આપવામાં આવી હતી. સરસ્વતિ વિદ્યાલયની વિદ્યાર્થીની હિમાની પરીખે માતૃભાષા વંદના સંદર્ભ ધારદાર વક્તવ્ય આપતા વિદ્યાર્થીઓ દંગ રહી ગયા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીની સરાહના કરી હતી. કવિ હૃદયી પ્રો. એન.જી. શાહે માતૃભાષા દિનની ઉજવણી હતું કે 'માતૃભાષા આંખો છે જ્યારે અન્ય ભાષા ચશ્મા છે.' આ કાર્યક્રમમાં મોડાસા હાઈસ્કૂલના આચાર્ય મનિષ જોષી, સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય ડૉ. રાકેશ મહેતા તેમજ લીંભોઈ હાઈસ્કૂલના વિજય ડાભી ખાસ ઉપસ્થિત રહી ૪૦૦ બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.